# GUJARAT LEGISLATIVE ASSEMBLY ચૌદમી વિધાનસભા

## છઠ્ઠું સત્ર

## ગુરુવાર, ૧૯ માર્ચ, ૨૦૨૦

## <u>બપોરે ૧૨:૦૦વાગ્યે</u>

1.
<u>પ્રશ્નોત્તરી</u>

<u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>

(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નાણાં, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના

(૨) માનનીય ઊર્જા મંત્રીશ્રી

2. <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>

(1)
ગુજરાત રાજય મૂડીરોકાણ લિમિટેડનો સન ૨૦૧૮-૨૦૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

<u>......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ</u>

(2)
ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

<u>......માનનીય પ્રવાસન મંત્રીશ્રી જવાહરભાઈ ચાવડા</u>

(3)
ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

<u>......માનનીય રાજ્યકક્ષાના ગ્રામવિકાસ મંત્રીશ્રી બચુભાઈ ખાબડ</u>

(4)
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

<u>.....માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા</u>

(5)
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૪-૧૫નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન

તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**.....માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર**

(6)
ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

**......માનનીય રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે**

(7)
ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના સન ૨૦૧૪-૧૫ના વાર્ષિક હિસાબો અને ઓડીટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(8)
ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ

**......માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**

(9)
ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

**......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

(10)
ઉદ્યોગ અને ખાણ વિભાગના,
સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ અધિનિયમ અન્વયેના,
તા.૧૮/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંકઃ જીઆઈડીસી/ઈએસટી/લો/એએમડી/૧૬, તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન

**......ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ**

## 3. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

| પ્રભારી મંત્રીશ્રી | માગણી નંબર | માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા | | માગણીની રકમ રૂ. | અંદાજપત્ર પ્રકાશન નંબર અને પાનાનંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| શ્રમ અને રોજગાર વિભાગ | | | | | અં. પ્ર. નં. ૧૫ |
| શ્રમ અને રોજગાર મંત્રીશ્રી | ૫૭ | શ્રમ અને રોજગાર | મહેસૂલ | ૯,૯૬,૫૦,૬૭,૦૦૦ | ૪ થી ૩૭ અને ૪૧ |
| | | | મૂડી | ૭૨,૦૦,૦૦,૦૦૦ | |
| કાયદા વિભાગ | | | | | અં. પ્ર. નં. ૧૬ |
| કાયદા મંત્રીશ્રી | ૬૦ | ન્યાયતંત્રનો વહીવટ | મહેસૂલ | ૯,૯૫,૪૬,૬૪,૦૦૦ | ૫ થી ૩૬ |

4. <u>બિન-સરકારી કામકાજ</u>

<u>બિન-સરકારી સંકલ્પો</u>

(1)

(૧) <u>માનનીય **સભ્યશ્રી બ્રિજેશ મેરજાનો સંકલ્પ**</u>**(૬૦ મિનિટ)**

સંયુકત રાષ્ટ્રસંઘની જનરલ એસેમ્બલીની બેઠક સપ્ટેમ્બર-૨૦૧૫માં મળેલ હતી. આ બેઠકમાં નક્કી થયા મુજબ ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય લક્ષ્યાંકો સેટ કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર (યુ.એન.) દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (એસડીજી) સિધ્ધ થાય તે માટે જુદાં-જુદાં ૧૭ લક્ષ્ય જેવાં કે, ગરીબી નાબૂદ કરવી, ભૂખમરો નાબૂદ કરવો, લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા, સ્ત્રી-પુરુષની સમાનતા, મહિલા સશક્તિકરણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, સ્વચ્છ પાણી, સસ્તી અને પૂરતી વીજળી, રોજગાર, આર્થિક વિકાસ, ક્લાઈમેટ એકશન વગેરે નક્કી કરવામાં આવેલ. તે મુજબ ૧લી જૂન, ૨૦૧૬થી કામ ચાલુ કરીને તે ૨૦૩૦ સુધીમાં હાંસલ કરવાનો લક્ષ્ય છે. આ લક્ષ્યમાં દુનિયાના ૧૬૨ દેશો જોડાયેલા છે. ભારત દેશ આ ગોલ હાંસલ કરી શકે તે માટે બધા રાજ્યો નક્કર કામગીરી કરે તે જરૂરી છે. રાજ્યમાં સસ્ટેનેબલ ગોલ નક્કી કરવા માટે સમિતિનું ગઠન થયેલ છે પણ આ સમિતિની બેઠક હજુ સુધી મળી નથી. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ(એસડીજી)ના ૧૭ લક્ષ્ય સિધ્ધ થાય તે માટે જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(2)

( ૨ ) <u>માનનીય **સભ્યશ્રી જગદીશ વિશ્વકર્માનો સંકલ્પ**</u>**(૬૦ મિનિટ)**

હરિત ક્રાંતિ અને રાસાયણિક ખેતીને કારણે જમીન તથા પાકની ગુણવત્તા બગડે છે અને ખોરાકમાં ઝેરી તત્વોનું પ્રમાણ વધે છે સાથોસાથ બિયારણ, પાણી અને પર્યાવરણ દૂષિત થાય છે. જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા પર અસર થતા ઉત્પાદન ખર્ચમાં પણ વધારો થાય છે. આ બધા પરિબળોની વિપરીત અસર પર્યાવરણ, માનવી અને પ્રાણીઓના સ્વાસ્થ્ય પર થાય છે.

ઘનિષ્ટ પાક ઉત્પાદનની પધ્ધતિઓને કારણે ખેત ઉત્પાદન ઝેરી તત્વોના અંશોવાળું થવાથી મનુષ્યની રોગપ્રતિકારક શક્તિ ઘટી છે અને અસાધ્ય રોગોના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. જમીનને ફરી ફળદ્રુપ બનાવી, ઓછા ખર્ચે તંદુરસ્ત પાક ઉત્પાદન મેળવવા પ્રાકૃતિક ખેતી જ વિકલ્પ માત્ર છે.

જમીન અને પર્યાવરણને કોઈપણ પ્રકારના નુકશાન વગર પ્રકૃતિના મુળભૂત સિધ્ધાંતો આધારિત અને દેશી ગાયના ગોબર-ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે થતી ખેતી એટલે જ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ. આ પધ્ધતિથી જમીનની ભેજસંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે તેટલું જ નહિ પાણી અને વિજળીની પણ નોંધપાત્ર બચત થાય છે. પાકમાં રોગ અને જીવાતોનું નિયંત્રણ પણ થાય છે. પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી પર્યાવરણની જાળવણી અને માનવીના સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન થાય છે.

રાજ્ય સરકારે પણ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિને પ્રોત્સાહન આપવા અનેક પગલાં લીધેલ છે ત્યારે રાજ્યમાં ખેડૂતો વધુને વધુ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ તરફ વળે તે માટે ખેડૂતોમાં વ્યાપક જાગૃતિ લાવવા અસરકારક પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(3)

×× (૩) <u>માનનીય **સભ્યશ્રી કરશનભાઈ સોલંકીનો સંકલ્પ**</u>

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું જીવન અને કાર્ય રાષ્ટ્ર માટે તેમજ ખાસ કરીને આવનારી પેઢીઓ માટે પ્રેરક અને માર્ગદર્શક બની રહે તે માટે તેમની પ્રતિભાને અનુરૂપ યોગ્ય સ્મારક બનાવવાની કલ્પના આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ કરેલી અને તેમના જ હસ્તે તા.૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ "સ્ટેચ્યુ ઓફ યુનિટી"નું લોકાર્પણ કરવામાં આવ્યું.

નવી પેઢીમાં રાષ્ટ્રીય એકતા અને અખંડીતતાની ભાવના પ્રબળ બને અને "એક ભારત, શ્રેષ્ઠ ભારત" નો મંત્ર ચરિતાર્થ થાય તે હેતુથી સરદાર સાહેબના આ સ્મારકને "સ્ટેચ્યુ ઓફ યુનિટી" નામ આપવામાં આવ્યું છે. વિશ્વની ઊંચામાં ઊંચી ૧૮૨ મીટરની આ પ્રતિમા આજે ગુજરાતની ઓળખ બની ગઈ છે. પવિત્ર નદી નર્મદાના કુદરતી સૌંદર્ય વચ્ચે સરદાર સરોવર બંધની હેઠવાસમાં સાધુ બેટ ખાતે આકાર પામેલી આ પ્રતિમાનું નિર્માણ દેશના તમામ રાજ્યોમાંથી ખેડૂતો દ્વારા વણવપરાયેલ ખેત ઓજારોના

યોગદાનથી થયેલ હોઈ સમગ્ર ભારતના ખેડૂતો અને ગ્રામજનોની લાગણી તેની સાથે જોડાયેલી છે.

શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન દ્વારા આ પ્રતિમાને વિશ્વની આઠમી અજાયબી તરીકે જાહેર કરવામાં આવી છે. ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા તરીકે તેને સ્થાન આપવામાં આવ્યું છે. વિશ્વ પ્રસિદ્ધ ટાઈમ મેગેઝીન દ્વારા ૨૦૧૯માં વિશ્વના શ્રેષ્ઠ ૧૦૦ પ્રવાસન સ્થળોમાં આ સ્થાનનો સમાવેશ કરવામાં આવ્યો છે જે સમગ્ર દેશ માટે ગૌરવનો વિષય છે.

વેલી ઓફ ફ્લાવર્સ, જંગલ સફારી, કેક્ટસ ગાર્ડન, બટરફ્લાય ગાર્ડન, એકતા નર્સરી, એકતા મોલ, એકતા ઓડીટોરીયમ, આરોગ્ય વન અને ચીલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક જેવા સંલગ્ન આકર્ષણોને કારણે આ સ્થળ પારિવારિક પ્રવાસનનું કેન્દ્ર બન્યુ છે. આ સ્થળે વિવિધ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજે ૩૦૦૦ જેટલા લોકોને હાલ રોજગારી મળી રહેલ છે.

પ્રવાસીઓને સલામત અને સુરક્ષિત પ્રવાસન પુરુ પાડવા અને આ વિસ્તારના ઝડપી અને આયોજીત વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા "સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ" નામનું એક સત્તામંડળ સ્થાપવાની જોગવાઈ રાજ્ય વિધાનમંડળના કાયદાથી કરવામાં આવી છે.

આ સ્મારક સ્વયં અખંડીતતાનો એક આગવો સંદેશ પ્રસરાવે તે માટે આવશ્યક પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

×× **માનનીય સભ્યશ્રી કરશનભાઈ સોલંકીનો સંકલ્પ નિયમ- ૧૧૭(૫)ના પરંતુકની જોગવાઈને આધીન છે .**

**(શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી),** **(શ્રી ડી. એમ. પટેલ),**

**।** **।**

******************